# સાઈન બોર્ડસ પાછળ લાખોનો ખર્ચ, પણ રાહદારીઓને વિઝન મળતું નથી

## માહીતીદર્શક બોર્ડસ માટે વૃક્ષોની ડાળીઓ આડશ બનતા સમસ્યા

ગાંધીનગર, તા. ૨૮

શહેરમાં આવતા મુલાકાતીઓને યોગ્ય માર્ગદર્શન અને રાહ ચિંધવા વાઈબ્રન્ટ સમિટ પૂર્વે મુખ્યમાર્ગો પર નાના-મોટા સાઈનબોર્ડસ ઉભા કરાયા માર્કર પણ લગાવવામાં આવ્યા છે. આ ઉપરાંત સમગ્ર શહેરમાં નાના મોટા ૧૦૦ જેટલા સાઈન બોર્ડસ પણ ઉભા કરાયા છે. વિવિધ સ્થળો અને કચેરીના નામો દર્શાવતા આ બોર્ડસ વિશિષ્ટ પ્રકારની ડીઝાઈનના છે.



છે. પરંતુ લાખોના ખર્ચે ઉભા કરાયેલા સાઈન બોર્ડસ આડે વૃક્ષોની ડાળીઓ આડશ બનતા આ બોર્ડસ લોકઉપયોગી બની શકતા નથી. વનતંત્ર દ્વારા બોર્ડને અનુરૂપ વૃક્ષોનું ટ્રીમીંગ ન કરાતા રાહદારીઓને પથદર્શક બોર્ડસ વિઝનમાં આવતા નથી!

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરમાં બ્યુટીફીકેશન પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જેમાં રસ્તાઓને ચકાચક બનાવવા ઉપરાંત માર્ગોને આકર્ષક બનાવવા કેટ આઈ અને મીડીયમ જયારે આકર્ષક ભાસતા આ રીફલેકટીવ બોર્ડસ ઉભા કરવા લાખોનો ખર્ચ કરવામાં આવ્યો છે પરંતુ વિવિધ માર્ગો પર બોર્ડની સમાંતર વૃક્ષોની ડાળીઓ લટકી હોવાથી માર્ગ પર જતા રાહદારીઓને આ તોતિંગ બોર્ડસ પણ દૂરથી વિઝનમાં આવતા નથી વનતંત્ર દ્વારા બોર્ડસને અનુરુપ વૃક્ષોને જરુરી ટ્રીમીંગ પણ કરવામાં આવ્યું નથી. સેકટરોમાં પણ આંતરિક માર્ગો પર વૃક્ષોના ટ્રીમીંગના અભાવે સ્ટ્રીટ લાઈટનું અજવાળું પથરાતું ન હોવાની પણ ફરિયાદો ઉઠવા પામી છે.

# પ્લાસ્ટ ઈન્ડીયા એક્ઝીબીશન માટે લોખંડી પોલીસ બંદોબસ્ત

## રેન્જના ચાર જિલ્લામાંથી પોલીસ ગાંધીનગરમાં ખડકી દેવાશે

ગાંધીનગર, તા. ૨૮

સૌથી મોટા એક્ઝીબીશનમાં જેની ગણતરી થાય છે તે પ્લાસ્ટ ઈન્ડીયા એક્ઝીબીશન આ વખતે ગાંધીનગર શહેરમાં યોજાશે. ફેબ્રુઆરી માસમાં યોજાનાર આ એક્ઝીબીશનમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનવા ન બને તે હેતુસર ગાંધીનગર રેન્જના ચાર જિલ્લામાંથી પોલીસ બોલાવી બંદોબસ્ત માટે ખડકી દેવામાં આવશે. સમગ્ર લોખંડી બંદોબસ્તનુ સુપરવિઝીટ ગાંધીનગર રેન્જ ડીઆઈજીપી દ્વારા કરવામાં આવશે.

ગાંધીનગર રેન્જ ડીઆઈજીપીના સુપરવિઝન હેઠળ ફેબ્રુઆરી માસમાં ૪ થી ૧૦ તારીખ સુધી યોજાનાર પ્લાસ્ટ ઈન્ડીયા એક્ઝીબીશનનો પોલીસ બંદોબસ્ત ગોઠવાશે. જેમાં બે એસ.પી., ૮ ડીવાયએસપી, ૧૬ પી.આઈ., ૩૫ પીએસઆઈ, ૩૦૦ પોલીસ જવાનો, ૬૦ મહિલા પોલીસ, ૬૦ ટ્રાફીક પોલીસ, બે કંપની એસઆરપી, ક્વીક રીસ્પોન્સ ટીમ અને બોમ્પ ડીસ્પોઝલ સ્કવોર્ડ બંદોબસ્તમાં ખડે પગે રાખવામાં આવશે. તે ઉપરાંત એક્ઝીબીશનની એન્ટ્રી-એક્ઝીટ પર સઘન ચેકીંગ તથા શહેરના પ્રવેશ દ્વારો ઉપર વાહન ચેકીંગ સાથે તમામ અવર-જવર પર સતત વોચ રાખવામાં આવશે.

# ઉનાળામાં શહેરી વિસ્તારના ગામોમાં પાણીની સમસ્યા વધુ ગંભીર બનશે

## સાડા ત્રણ દાયકાના અંતે પણ પાણીની પાઈપલાઈન અપગ્રેડ થઈ નથી : ગામોમાં ફોર્સથી પાણી આવતું નથી

ગાંધીનગર, તા. ૨૭

શહેરી વિસ્તારના ગામોમાં આગામી ઉનાળા દરમિયાન પાણીનો પ્રશ્ન વિકટ સમસ્યારૂપ બને તેવા એંધાણ છે. સાડા ત્રણ દાયકા પૂર્વે આ ગામોમાં પાણીની જરુરિયાત પુરી પાડવા લાઈનો નાંખવામાં આવી હતી હાલની વસતી અને વિકાસ મુજબ પાણીની લાઈન અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. જેના પરિણામે આ ગામોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતું હોવાની પોકાર ઉઠવા પામી છે.

શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા, ધોળાકુવા, બોરીજ, બાસણ અને પાલજ ગામમાં દાયકાઓના અંતે પણ પાણી, ગટર અને રસ્તાની પાયાની સુવિધાઓ પૂર્ણરૂપે ઉપલબ્ધ થઈ શકી નથી. માળખાગત સુવિધાઓના કામો ટલ્લે ચઢતા સ્થાનિક ગ્રામજનો પણ તોબા પોકારી ગયા છે. જયારે આ ગામોમાં સમયાંતરે પાણીની પોકાર પણ ઉઠવા પામે છે. શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ આ ગામોમાં ૧૯૮૦ના વર્ષથી પાણી સપ્લાય કરવામાં આવે છે. તેવા સમયે ગામમાં પાણી માટે જાહેર સ્ટેન્ડ ઉભા કરાયા બાદ જરુરી પાઈપલાઈનો પણ નાંખવામાં આવી હતી પરંતુ સાડા ત્રણ દાયકાના અંતે આ ગામોમાં પાણીનો પ્રશ્ન દિનપ્રતિદિન પેચીદો બની રહ્યો છે. ગામોની વસતી અને વિકાસને ધ્યાનમાં લઈ પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. અસરગ્રસ્ત ખેડૂત મંડળના જીલુભા વાઘેલાએ પણ આ મામલે વિભાગને અનેકવાર રજુઆત કરી છે. શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકારને ડામવા વિભાગકક્ષાએથી પાણીની પાઈપલાઈન અપગ્રેડ કરવાનું કામ હાથ ધરાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# લગ્નસરાની ભરપૂર સિઝનમાં ઠંડી વિલન

## આકર્ષક કપડાંની ઝાકમઝોળ આડે ગરમ વસ્ત્રો મજબૂરી બન્યા, તો મહેમાનોની સરભરા કરવી પણ આકરી બની

ગાંધીનગર, તા. ૨૮

લગ્નસરાની પૂર બહાર ખિલેલી મોસમમાં ઠંડીએ પણ જોર પકડતા લગ્ન આયોજકોને ભારે તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. કાતિલ ઠંડીના સુસવાટા મારતા પવનો દરેક કામમાં અડચણો પેદા કરી રહ્યા છે. વહેલી સવારે અને સમી સાંજે લગ્નપ્રસંગ અન્વયે કરવા પડતા વિવિધ કામોમાં અતિશય ઠંડી આ કામ પ્રત્યે ઉદાસીનતા લાવી રહી છે. જેથી પ્રસંગ આટોપવાના નિર્ધારને કાયમ રાખી જેમ તેમ કરીને પણ તમામ કામોને પૂર્ણ કરી લગ્નની રસમ પુરી કરાય છે પરંતુ ઠંડીમાં લગ્નનું આયોજન આકરું હોવાનો બળાપો કાઢી રહ્યા છે.

લગ્નપ્રસંગ જેના ત્યાં આયોજીત કરાયો હોય તેમને પ્રસંગ અનુરૂપ ધાર્મિક વિધિથી માંડીને તમામ કાર્યોનું સતત ટેન્શન રહેતું હોય છે જેમાં કડકડતી ઠંડી અવરોધ પેદા કરતાં ચિંતામાં વધારો થાય છે. દિકરાનું લગ્ન હોયતો મંડપ મુહુર્ત, ગણેશ સ્થાપન, પીઠી, જમણવાર, વરઘોડો અને જાન લઈ જવી જેવા મહત્વના કાર્યો હોય છે જેમાં પધારેલા મહેમાનોની સગવડો સાચવવી તે વિશેષ જવાબદારી હોય છે. અને તેમાં હાલની ઠંડીમાં વહેલી સવારે ગરમ પાણીની વ્યવસ્થા, ગરમાગરમ ચા નાસ્તો અને ધાર્મિક વિધિના મુહુર્ત સાચવવા ત્યારબાદ જમણવારમાં પણ ગરમાગરમ જમણ રહે તેવું આયોજન કરવું પડે છે અને રાત્રે ઠંડીમાં વરઘોડો જેમાં મોંઘા તૈયાર થયેલા કપડાં પહરવા સાથે તેની સાથે પહેરેલા ગરમવસ્ત્રો આડે ઝાકમઝોળ કપડાં ઢંકાઈ જતાં ખર્ચ માથે પડવાની ચિંતા આ ઠંડીએ વધારી દીધી છે.

તો દિકરીના બાપે તો પધારેલા મહેમાનો તથા જાનની આગતા સ્વાગતા સહિત ધાર્મિક વિધિઓ માટે પણ ખડે પગે રહેવું પડે છે. જેમાં કડકડતી ઠંડીમાં દિકરીને મહેંદી મુકવાની રસમ, પીઠી તથા જાનૈયાઓને ગરમ ભોજનની વ્યવસ્થા પણ રાખવાની હોય છે. જો કે હાલની ઠંડીએ લગ્ન આયોજકોને વિચારતા કરી દીધા છે. તેમજ લગ્ન પ્રસંગે આમંત્રિત મહેમાનો પણ વહેલી સવારે આવીને સાંજે ઘરે પાછા જવાનું મુનાસીબ માની રહ્યા છે. લગ્ન પ્રસંગે લાવેલા આકર્ષક કપડાં તથા અવનવી જવેલરીનો શોખ પૂરો કરવા કેટલાક ઠંડીનો સામનો કરવાનો પ્રયત્ન કરે છે પરંતુ તેઓ આખરે બિમારીનો ભોગ બન્યા હોવાના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે. છતાં પણ હાલના લગ્ન પ્રસંગોએ કિંમતી વસ્ત્રો ઉપર ગરમ વસ્ત્રો લપેટાયેલા જોવા મળી જ રહ્યા છે જેથી કડકડડી ઠંડી લગ્નસરાની ભરપૂર સિઝનમાં વિલનનો રોલ અદા કરી પ્રસંગની મજા માણવામાં અવરોધ પેદા કરી રહી છે.















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com